**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૧૦/૧૧/૨૦૧૪ સોમવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી ૨૭૬૧/૧૪**

**મણીનગર પો.સ્ટે. :-**

મણીનગર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.ન.૨૧૬/૧૪ ધી ઇ.પી.કો. કલમ ૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯,૩૦૭,૩૨૪,૩૨૩ તથા ધી પ્રિવેન્સન ઓફ ડેમેજીસ ઓફ પબ્લીક પ્રોપર્ટી એકટ ૩,૭ તથા જી.પી.એકટ.ક્લમ ૧૩૫ (૧) મુજબ ના કામના ફરીયાદી વિક્કી આંનંદભાઇ ગોસ્વામી રહે, ચાવાળાની ચાલી સામે છપરામાં મણીયાસા મણીનગર પુર્વ અમદાવાદ શહેર નાઓની ફરીયાદના કામે ફરીયાદી હકિકત એવી છે કે તા.૮/૧૧/૨૦૧૪ ના સાંજ કલાક ૧૯/૦૦ વાગ્યા ના સુમારે મણીનગર દક્ષીણી ચોક જાહેર રોડ ઉપર ફરી શ્રી તથા તેનો ભાઇ ટીનિયો હાજર હતા ત્યારે બે દિવસ અગાઉ રૂપિયા ૩૦૦/- પરત લેવા થયેલ ઝગડાની અદાવત રાખી આરોપી નં. (૧) સંજય સોમાભાઇ રબારી રહે, હરિપુરા, ખોખરા અમદાવાદ (૨) નરેન્દ્ર @ પપ્પુ રમાકાંત પાટીલ રહે, હરીપુરા, ૧૭, પ્રભુ સાગર એપાર્ટમેંટ, મહીસાગર કોલોની પાસે, ખોખરા, અમદાવાદ (૩) મહેશ @ કાંચો સન ઓફ મોતીલાલ રાણા રહે. લક્ષ્મીનારાયણ સોસાયટી, વિભાગ-૧, મણીયાસા ગાર્ડન, ખોખરા, અમદાવાદ (૪) મનીષ @ કચ્છી સન ઓફ કિશોર માર્ગનવાર રહે. ૧, લક્ષ્મીનારાયણ સોસાયટી, ખોખરા, અમદાવાદ (૫) વિવેક @ વિક્કી સન ઓફ મોતીલાલ રાણા રહે. લક્ષ્મીનારાયણ સોસાયટી, વિભાગ-૧, મણીયાસા ગાર્ડન, ખોખરા, અમદાવાદ (૬) ભીંડી રહે, હરિપુરા હાઉસીંગ, ખોખરા, અમદાવાદ (૭) શેશાંક @ ભુરીયો રહે. હરિપુરા, ખોખરા, અમદાવાદ (૮) ગોલુ ગુપ્તા (૯) બાઠીયો રબારી રહે. ભાઇપુરા, ખોખરા, અમદાવાદ (૧૦) પુનમ દિનેશભાઇ પટેલ રહે,લક્ષ્મીનારાયણ સોસાયટી ખોખરા, અમદાવાદ તથા બીજા છ સાત અજાણ્યા માણસો ગેરકાયદેશર મંડળી રચી લાકડાના દંડા, તલવાર, ચાકુ સાથે ઉપરોક્ત જગ્યાએ આવી ફરીયાદી તથા સાહેદ શિવાજી ઉત્તમભાઇ મરાઠો ને ઇજાઓ કરેલ ફરીયાદીને ચપ્પાથી જમણા હાથની હથેળીમાં ટચલી આંગળી પાસે તથા સાહેદને તલવારથી પેટના ભાગે ઇજાઓ કરી તેમજ બનાવ વાળી જગ્યાની નજીકમં પડેલ વાહનોની તોડફોડ કરી તેમજ એ.એમ.ટી.એસ. બસ નં.જી.જે.૧.સી.વાય.૩૧૫૪ નો આગળનો કાચ તોડી નુકશાન કરવામાં આવેલ આ કામેના આરોપીઓ અનુ.નં.૧ થી ૧૦ તથા બીજા છ થી સાત માણસો નાઓને ગુનાના કામે પકડવા સારુ મે.પો.કમિ.શ્રી તથા સંયુકત પો.કમિ.શ્રી સેકટર-૨ તથા નાયબ પો.કમિ.શ્રી ઝોન-૬ તથા મદદનીશ પો.કમિ.શ્રી “જે” ડીવીઝન અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદશન મુજબ સેકટર-૨ તથા ઝોન-૬ ના પોલીસ સ્ટેશનના ચુનંદા ડી-સ્ટાફ ના અધિકારી તથા સ્ટાફના માણસોની ટીમો બનાવી આરોપીઓની શોધી કાઢવા સારુ શકમંદોને લાવી પુછપરછ કરી ઘનિષ્ઠ તપાસ કરતા આ ગુનાના કામે લાકડાના દંડા લઇ આવી આજુબાજુમાં પાર્ક કરેલ વાહનો તોડફોડ કરી નુકશાન કરી ભયનુ વાતવરણ ઉભુ કરવા વાળા પૈકીના આરોપી નામે (૧) નરેન્દ્ર @ પપ્પુ સન

ઓફ રમાકાંત પાટીલ ઉ.વ.૩૭ રહે, હરીપુરા, ૧૭, પ્રભુ સાગર એપાર્ટમેંટ, મહીસાગર કોલોની પાસે, ખોખરા, અમદાવાદ (૨) મહેશ @ કાંચો સન ઓફ મોતીલાલ રાણા ઉ.વ. ૨૪ રહે. લક્ષ્મીનારાયણ સોસાયટી, વિભાગ-૧, મણીયાસા ગાર્ડન, ખોખરા, અમદાવાદ (૩) પુનમ દિનેશભાઇ પટેલ ઉ.વ. ૨૦ રહે,લક્ષ્મીનારાયણ સોસાયટી ખોખરા, અમદાવાદ નાઓ મળી આવતા આજરોજ તા.૯/૧૧/૨૦૧૪ ના કલાક ૨૧/૦૦ વાગ્યે પકડી અટક કરવામાં આવેલ છે જેમાં આરોપી નં.૧ નાએ તેમજ આ કામેના અન્ય આરોપીઓને શોધી કાઢવા સારુ લોક્લ પોલીસ તથા સેકટર-૨ તથા ઝોન-૬ વિસ્તારના અધિકારી/સ્ટાફ તથા ક્રાઇમબ્રાંચ, એસ.ઓ.જી. સહીતની ટીમોથી ખુબજ ઘનિષ્ટ પ્રયાસો જારી રાખવામાં આવે છે જેને લઇ ટુંક સમયમાંજ પકડવાના બાકી આરોપીઓ પકડાઇ જવાની પુરેપુરી શક્યતા છે તેમજ આ બનાવથી પો.સ્ટે.વિસ્તારમાં કોઇ નકારાત્મક પ્રત્યાઘાત ના પડે તે સારુ પોલીસ સ્ટેશન વિસ્તારમાં જરૂરી બંદોબસ્ત ફાળવી ચાલુ રાખવામા આવેલ છે.તા.૯/૧૧/૨૦૧૪

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર
પોલીસ કમિશનર વતી.